પ્ર.સ.ના અંક-૧૪માં જાહેર જ્ઞાતિ કાર્યક્રમોમાં સમય સાચવી ચોવિહાર પાલન કરતાં અડચણ આવતી હોવાથી હવેથી મહાજનશ્રીનાં માત્ર ધાર્મિક કાર્યક્રમોમાં જ સાંજે ચોવિહાર વ્યવસ્થા અનિવાર્ય રહેશે. જ્યારે અન્ય જાહેર કાર્યક્રમોમાં સાંજે "ચોવિહારની વ્યવસ્થા છે" એમ જાહેર કરાશે એટલે જ્ઞાતિજનો તે મુજબ લાભ લઈ શકે એમ જાણ્યું.

ખરેખર તો આપણાં મોટેરાંઓ, વડીલો, પુર્વજોએ કાંઈક વિચારપુર્વક જ મહાજનશ્રીના જમણવારમાં ચોવિહાર અનિવાર્યની પ્રથા કરેલ હશે. જેથી આવનારી પેઢીનાં બાળકો-યુવાનો પણ કંઈક અંશે જૈન ધર્મનું પાલન કરી શકે અને "રાત્રિ-ભોજન"નાં સમુહ પાપથી બચી શકે. આ એક મહાજનશ્રીની નૈતિક જવાબદારી હોવાથી ચોવિહારનું પાલન કરવું જરૂરી જ નહીં પણ અનિવાર્ય છે. પણ હાલમાં મુંબઈ મહાજનશ્રીના ઉપરોક્ત નિર્ણયથી અપ્રત્યક્ષપણે "રાત્રિ-ભોજન"ને સમર્થન માટે બહાલી અપાયેલ છે, જે સર્વથા અયોગ્ય છે.

જેઓ ચોવિહાર ચુસ્ત છે, તેઓ તો ચોવિહારની વ્યવસ્થા હોય કે ના હોય, છતાં તે આ નિયમનાં અવહેલના કરતાં નથી અને ગમે તે રીતે ચોવિહારનું પાલન કરતાં જ હોય છે. પરંતુ "જે લોકો ચોવિહાર કરતાં નથી," તેઓને માટે મહાજનશ્રી દ્વારા સાંજના જાહેર કાર્યક્રમો ચોવિહાર પળાય તો તે સામુહિક પાપથી બચવાના પ્રયાસરૂપે અનુમોદનીય છે.

ઉપરોક્ત નિર્ણયનો આશય છે કે, "ચોવિહારની છુટ/રાહતના લીધે જ્ઞાતિનાં જાહેર-કાર્યક્રમોમાં વધારેને વધારે જ્ઞાતિજનો લાભ લઈ શકે." હકીકતમાં તો જ્ઞાતિજનો માટે જ્ઞાતિનાં જાહેર-કાર્યક્રમો એમનાં હિત-લાભ માટેજ હોય છે. જેમાં જ્ઞાતિના દરેક ભાઈ-બહેન, વડીલ, બાળકો સહીત સર્વેજણ સહભાગી લઈ શકે અને સાંજનાં ચોવિહાર જમણ રસોઈની ઝંઝટથી બહેનો પણ મુક્ત રહીને કાર્યક્રમનો લ્હાલો મેળવી શકે માટે મહાજનશ્રી દ્વારા સાંજનાં ચોવિહારની વ્યવસ્થા સ્વેચ્છાએ અને વૈકલ્પીક પદ્ધતિને અનુલક્ષીને રાખવામાં આવે છે. અને મહાજનશ્રી જ્યારે આવી વ્યવસ્થા પુરી પાડતી હોય છે, ત્યારે ધર્મને અનુલક્ષીને જ અપાતી હોય છે. કારણ કે મહાજનશ્રી એ સંઘરૂપે ૨૫મા તિર્થંકર સમાન હોય છે. અને એ રીતે સંઘ દ્વારા રાત્રિ-ભોજન તો જ્ઞાતિજનોને કદાપિ આપી જ ના શકાય. એના દ્વારા ઉપજતા પાપમાં સહભાગી પણ ના થવાય.

મહાજનશ્રી દ્વારા અપાતી સગવડ-વ્યવસ્થાનો લાભ/લહાવો લેવો કે ન લેવો એ દરેકનો વ્યક્તિગત પ્રશ્ન છે. અગર કોઈ વ્યક્તિને ચોવિહારનો લાભ/લાહાવો લેવો જ ના હોય તો એ સ્વયં પોતાની કે પરિવારની વ્યવસ્થા સ્વતંત્ર પોતાની રીતે કરી શકે છે. એના માટે મહાજનશ્રીને સર્વથા જવાબદાર ગણી ના શકાય.

ભારતભરમાં અન્ય મહાજનો મુંબઈ મહાજનશ્રીને એક મોભી મહાજનશ્રીની દ્દષ્ટીએ સન્માનપૂર્વક જુએ છે, એટલે જ ઉપરોક્ત નિર્ણય જ્ઞાતિના સૌથી વધુ પ્રતિનિધિત્વ કરતા મહાજન પાસેથી અન્ય મહાજનો આમાંથી શું બોધપાઠ લેશે? તે એક વિચારણીય પ્રશ્ન છે. માટે જ મોભી મુંબઈ મહાજનશ્રીને નમ્ર વિનંતી છે કે આ બાબતે પુનર્વિચારણા કરે.

મિચ્છામિદુક્કડમ્. આ અંગે અન્યના વિચારો આવકાર્ય છે.

*જલગામ : ૭-૫-૧૨* — *મહેશ કાંતિલાલ મોતા*

## "અનંતછાયા" બાબત ટ્રસ્ટ તરફથી અધિકૃત ખુલાસો

આપણાં શ્રી અનંતનાથજી ટ્રસ્ટની ઘાટકોપર મધ્યેની "અનંતછાયા" મિલકત બાબતની જ્ઞાતિજનોમાં ખૂબજ ચર્ચાઓ થઈ રહી છે. ચર્ચાપત્રો/લેખો લખાય છે. પરંતુ આ બાબતે ટ્રસ્ટ તરફથી આજ સુધી કોઈ પણ અધિકૃત જાહેર ખુલાસો કરવામાં આવેલ નથી. ટ્રસ્ટીઓને વિનંતી કે આ બાબતે જાહેર ખુલાસો કરી જ્ઞાતિજનો સમક્ષ વસ્તુસ્થિતી જાહેર કરે જેથી આધાર વગરની અટકળો બંધ થાય.

*વડાલા : ૧૦-૫-૧૨* — *અશોક સોમચંદ દંડ*

## ભુલસુધાર

પ્ર.સ. સંપર્ક ૧૯માં પાના ૨૬ ઉપર અગત્યની સુચનામાં ચંપક જીવાણીના ફોન નં.શરતચુકથી ખોટા છપાયા છે જે સુધારીને ૦૯૮૨૦૮૦૮૦૭૭ વાંચવા.

આ અંકમાં પાના નં.૨૭ની સૌ. પુનમ ધરમશીની જા.ખ. માં ફોન નં.૦૯૩૨૦૧૫૦૯૫૩ વાંચવા.

**Phonetics Teacher Training Course**

**New-Sunday Batch Starts on...**
**20th May 2012**
**Timings : 11.30 to 5.30 p.m.**

Contact :
**L.N. Mehta Ed. Classes**
Mob.: 9821255876 / 25014824 / 25014870

|| શ્રી આદી - અનંતનાથાય નમઃ ||

# ભાંડુપ (મુંબઈ) નગરે શ્રી આદિનાથ જિનાલયે ૬૭મી ધજારોહણ પ્રસંગે

## ત્રિહાનિકા મહોત્સવ

### સંવત ૨૦૬૮ જેઠ સુદ ૯, ૧૦ અને ૧૧, મંગળવાર, બુધવાર, ગુરૂવાર, તા. ૨૯-30-31 મે

પ.પૂ. અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન **ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા. ના મંગલ આશિષ, યુવાચાર્ય, સાહિત્ય દિવાકર પ.પૂ. આ.ભ. **કલાપ્રભસાગરસૂરીશ્વરજી** મ.સા. આદિ ઠાણા તથા યતિશ્રી **મોતીસાગરજી** મ.સા. ની શુભ નિશ્રામાં ભાંડુપ નગરે શ્રી આદિનાથ જિનાલયે ૬૭મી ધ્વજારોહણ પ્રસંગે ત્રિહાનિકા મહોત્સવે આપ સહુને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

(બૃહદમુંબઈમાં વિચરતા સાધુ-સાધ્વીઓને પણ વિનંતી કરેલ છે, સંજોગો અનુસાર પધારશે.)

| | |
|---|---|
| જેઠ સુદ ૯, મંગળવાર, તા. ૨૯-૫-૨૦૧૨ બપોરે | આદિનાથ પંચકલ્યાણક પૂજા (શ્રી ક.દ.ઓ. જૈન મહિલા મંડળ ભાંડુપ ભણાવશે.) |
| જેઠ સુદ ૧૦, બુધવાર, તા. ૩૦-૫-૨૦૧૨ સવારે | અઢાર અભિષેક તથા રાત્રે મહાકાલી માતાજીની ભાવના અનંતમિત્રમંડળ ભણાવશે. |
| જેઠ સુદ ૧૧, ગુરૂવાર, તા. ૩૧-૫-૨૦૧૨ સવારે | શુભ મુહુર્તે નવગ્રહ, અષ્ટમંગલ, પાટલાપૂજન અને સત્તરભેદીપૂજા સહ |

**૬૭મી ધજા રોહણ (બપોરના મુંબઈ મહાજનશ્રી દ્વારા નાતજમણ)**

**નોંધ :** ધ્વજારોહણના ચડાવા તથા અઢાર અભિષેકના ચડાવાઓ, બોલીઓ અને આદેશ તા. ૨૭-૫-૨૦૧૨, રવિવારના સવારે ૯.૦૦ કલાકે વ્યાખ્યાન દરમ્યાન અપાશે. તથા અન્ય ચલિત પ્રતિમાજીઓજીના નકરાઓ વહેલો તે પહેલોના ધોરણે લેવાશે. ધ્વજારોહણનો લાભ લેનાર પરિવારને નવગ્રહ, અષ્ટ મંગલ તથા પાટલા પૂજનનો પણ લાભ મળશે.

**લી. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - મુંબઈ / શ્રી અનંતનાથ ટ્રસ્ટ / શ્રી ક.દ.ઓ. જૈન સંઘ - ભાંડુપ**

---

।। શ્રી ચંદ્રપ્રભ સ્વામીને નમઃ ।।

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-નલિયા

(નલિયા તથા તેના વાડા છાદુરા, વડસર અને સુખપર)

## નલિયા તિર્થે ચાર્તુમાસ પ્રવેશ

દેવ-ગુરૂની અસીમ કૃપાએ તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ

**પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સાહેબના આજ્ઞાવર્તીની**

**પ.પૂ. સા.શ્રી કલ્પલતાશ્રીજી મ.સા.ના શિષ્યા**

**પ.પૂ.સા.શ્રી ધર્મકીર્તિશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી અક્ષયકીર્તિશ્રીજી મ.સા.**

**પ.પૂ.સા.શ્રી અમીધારાશ્રીજી મ.સા. ઠાણા-૩** નો

ચાતુર્માસ નલીયાતીર્થને પ્રાપ્ત થયેલ છે. પૂજ્યશ્રી **ગુરૂવાર તા.૨૮-૦૬-૧૨ના** નલિયા મધ્યે ચાર્તુમાસ નિમિતે પ્રવેશ કરશે.

આ પ્રસંગે સૌ નલિયાવાસીઓને પધારવા ભાવભર્યુ આમંત્રણ છે.

આ વર્ષે પર્યષણ પર્વની આરાધના કરવા સૌ નલિયાવાસીઓને પધારવા ભાવભર્યુ આમંત્રણ છે. આપના આગમની જાણ અગાઉથી કરાવીને વ્યવસ્થા જાળવવા સહકાર આપશોજી.

લી. ક.દ.ઓ. **જૈન જ્ઞાતિ મહાજન - નલિયા**

# હાર્દિક આમંત્રણ

## શ્રી મોડપર સુપાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ

મુ. મોડપર, તા. લાલપુર, જીલ્લો : જામનગર, ગુજરાત : ૩૬૧ ૨૮૦

યોજીત

# મોડપર તીર્થ વિકાસ યાત્રા સમારોહ

આયોજક :

શ્રી અચલગચ્છ જૈન સંઘ, પુના * શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ, પુના

પધારો અતિથી વિશેષોની હાજરીમાં... **શુભ-આશિષ** શ્રી નરેન્દ્રભાઈ નંદુ સંચાલિત કાર્યક્રમમાં...

અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન પ. પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ. સા.

સાહિત્યદિવાકર, રાજસ્થાન દિપક, મોડપર તીર્થોધ્ધારક પ્રેરક, માર્ગદર્શકપ.પૂ. આ. ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા. આ. ઠા.

**શ્રી અચલગચ્છ જૈન સંઘ, પુના**

**ની લોકલાગણીને માન આપીને આ મોડપર તીર્થ વિકાસ યાત્રા સમારોહનો દ્વિતીય પ્રયોગ...**

સમારંભના પ્રમુખ :
માતુશ્રી ધનવંતીબેન ચંપકલાલ ફુરિયા (બિદડા - પુના)
(પ્રમુખ : શ્રી અચલગચ્છ જૈન સંઘ, પુના)

સમારંભના મુખ્ય અતિથી વિશેષ :
શ્રી દિનેશભાઈ પદમશીભાઈ મોમાયા (વરાડીયા-પુના)
(પ્રમુખ : શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ, પુના)

સમારંભના માનનીય અતિથી વિશેષ
શ્રી શરદ બી. શાહ
(પ્રમુખ : શ્રી યુવક મહાસંઘ, પુના)

સમારંભના માનનીય અતિથી વિશેષ
શ્રી ખીમજીભાઈ ખેરાજ ગાલા (આધોઈ- પુના)
(પ્રમુખ : શ્રી વાગડ સમાજ, પુના)

સમારંભના માનનીય અતિથી વિશેષ : શ્રી અચલ જૈન - પ્રમુખઃ જીતો, પુના ચેપ્ટર

## માનનીય શ્રી અતિથિ ગણ

| | | | |
|---|---|---|---|
| શ્રી સંજયભાઈ નવિનચંદ્ર ધરમશી | સુથરી-પુના | શ્રી દિનેશ જેઠાભાઈ લોડાયા | જખૌ-પુના |
| શ્રી હરિશભાઈ પદમશીભાઈ મોમાયા | વરાડીયા-પુના | મા. વિજયાબેન દેવજી નાગડા | રંગપુર-પુના |
| શ્રી હસમુખભાઈ તેજસીભાઈ ગાલા | ફરાદ્રી-પુના | શ્રી પ્રકાશભાઈ પ્રાણલાલ શાહ | માંડવી-પુના |
| શ્રી પ્રફુલભાઈ શાંતિલાલ મહેતા | છોટા અંબાજી- પુના | શ્રી વિનોદભાઈ વાડીલાલ શાહ | ઈડર-પુના |

શ્રી હેમંત શામજીભાઈ મોતા (નલીયા-લોનાવલા)

**શુભ સ્થળ અને તારીખ**

શુભ દિવસ : સોમવાર, તા. ૨૧ મે, ૨૦૧૨ ના રાતના ૮.૩૦ કલાકે...

શુભ સ્થળ : શ્રી બાલગંધર્વ રંગ મંદિર, ડેક્કન જીમખાના, પુના-૪૧૧ ૦૪૨.

**કાર્યક્રમ**

રાતના ૮.૩૦ ક. : સ્વાગત ગીત, દીપ પ્રજ્વલન
રાતના ૮.૪૫ ક. : શ્રી મોડપર સંઘના પ્રમુખ શ્રી પંકજભાઈ કેશવજી ધરમશીનું પ્રાસંગિક પ્રવચન
રાતના ૯.૦૦ ક. : ૪૦૦ વર્ષના પ્રાચીન શ્રી મોડપર તીર્થ વિશે ડોક્યુમેન્ટરી ફીલ્મ
રાતના ૯.૧૫ ક. : પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. નું રેકોર્ડેડ માંગલીક પ્રવચન
રાતના ૯.૩૦ ક. : 'આરસ કે વારસ' લઘુ નાટીકા-શ્રીયુત નરેન્દ્રભાઈ નંદુ સંચાલિત
રાતના ૧૦.૩૦ ક. : શ્રીયુત નરેન્દ્રભાઈ નંદુ દ્વારા તીર્થ વિકાસની માહિતી સમજણ
રાતના ૧૧.૦૦ ક. : માનવંતા મહેમાનોનું સ્વાગત અભિવાદન તેમજ તેમનું પ્રવચન
રાતના ૧૧.૩૦ ક. : આભાર દર્શન શ્રી ખુશાલભાઈ લાલજી મૈશેરી પુના દ્વારા

**નિમંત્રક**

શ્રી મોડપર સુપાર્શ્વનાથ મહારાજ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન દેરાસર
અને ઉપાશ્રય ના ટ્રસ્ટીગણ.

## શ્રી મોડપર સુપાર્શ્વનાથ શ્વેતાંબર જૈન તીર્થ

મુંબઈ કાર્યાલય : C/o. આર્ય જય કલ્યાણ કેન્દ્ર, ૧૦૩, મેઘરત્ન, દેરાસર લેન, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭.
ફોન : ૯૮૭૦૧૪૭૭૪૧ (મહેતાજી - શ્રી માણેકજીભાઈ)

CHINTAN

## આરોગ્ય પ્રકાશ : યોગ્ય ખોરાક વડે આરોગ્ય

*-ડૉ. વીરચંદ લખમશી નાગડા M.B.B.S.*

તંદુરસ્ત રહેવા માટે મનની શાંતિ અને કસરત સાથે ભૂખ લાગે ત્યારે યોગ્ય ખોરાક લેવો પણ એટલું જ જરૂરી છે. મોટા ભાગના ગંભીર રોગોનું મુખ્ય કારણ અયોગ્ય ખોરાક જ છે. હૃદય રોગ, સ્ટ્રોક, આર્થરાઈટીસ અંગે તો હવે વૈજ્ઞાનિકોએ આ વાત સિધ્ધ કરી છે. ચરબીવાળો ખોરાક, બેઠાડુ જીવન, ધુમ્રપાનથી કોલોસ્ટ્રોલ વધે છે અને હૃદય, આંખ, શરીરીને નુકશાન થાય છે. અયોગ્ય ખોરાકને લીધે આંખની એઈજ રીલેટેડ મેક્યુલર ડીજનરેશન બિમારી થાય છે. મનુષ્યની ઉંમર જેમ જેમ વધે છે તેમ શરીરના કોષ (સેલ) ને કુદરતી નુકશાન ઘસારો થાય છે. અમુક ખાદ્ય પદાર્થો આ નુકશાનથી કોષોને બચાવે છે અને એ રીતે શરીરની વધતી ઉંમરની ક્રિયાને ધીમી પાડે છે એટલે કે શરીરને જુવાન રાખે છે, આયુષ્ય વધારે છે.

**આયુષ્ય વધારનાર ખાદ્ય :** સફરજન, બ્લેક બેરીસ, કાળી-લીલી ચા, બ્લ્યુ બેરીસ, બ્રોકોલી, અનાજનું થુંલું કે ફોતરાં, ચેરીસ, કોફી, ક્રેન બેરીસ, ડાર્ક ચોકલેટ, સંત્રા, પીચ, આલુબુખાર, રાસબેરીસ, સ્ટ્રોબેરીસ, લાલ દ્રાક્ષ, અને પાલક.

ફ્રુટ, શાકભાજીમાં પોલીફેનોલ કેમીકલ્સ ભરપૂર હોય છે તે લેવાથી આયુષ્ય વધે છે. તાજા ફળો, શાકભાજી લેવાથી વધુમાં વધુ ફાયદો થાય છે. ફળો, શાકભાજી બની શકે તો કાપ્યા વગર ખાઓ. કાપીએ કે જ્યુસ બનાવવાની પ્રક્રિયા દરમ્યાન એમાં ગેસ ભળે છે તેથી એમાં આદુ કે કુદીનો ઉમેરવા. ગાજર, બ્રોકોલી, ટેટી, ટમેટાં, બધાજ પ્રકારની ભાજીમાં કેરોટેનોઈડ્ઝ નામના ફાયબ્રો કેમિકલ્સ કે ન્યુટ્રીઅન્ટસ હોય જેનાથી હાર્ટએટેક જલ્દી ન આવે, કેન્સર સામે રક્ષણ મળે. ચણા, સોયાબીન, મગ, વાલ, ચોખામાં આઈસોફ્લેવોન્સ હોય જેનાથી કેન્સર સામે રક્ષણ મળે, રોગમુક્ત રાખે. અળસીમાં લીગનીન્સ હોય જે કેન્સર સામે રક્ષણ કરે, શરીરના કોષનું રક્ષણ કરે. કારેલા, કોબી, મોસંબી, નારંગી, લીંબુ,સફરજન, જામફળ, કાળી દ્રાક્ષમાં ફલેવેનોઈડ હોય જે હાર્ટ એટેક અટકાવે. બ્રોકોલી, ફુલાવર, કોબી, લીલા મરીમાં ઈન્ડોલ્સ, આઈસોથાયોસાઈનેટ્સ હોય જે કેન્સર અટકાવે. ચેરી, પ્લમ, પીચ, લીંબુ, નારંગી, મોસંબી, આવળામાં મોનોટર્પીન્સ હોય જે કેન્સર, હાર્ટએટેક અટકાવે. લગભગ બધા જ ફળો, લીલા શાકભાજી, લીલી/કાળી ચા, હોલ ગ્રેઈન્સમાં ફીનોલીક કમ્પાઉન્ડસ હોય જે બી.પી.માં ફાયદો કરે, કેન્સર થતું અટકાવે, લોહી સુધારે. કાળી ચા કરતાં લીલી ચા (દૂધ, મલાઈ વગરની)માં એન્ટીઓ કિસડંટ વધુ હોય છે, જે શરીરમાં કેન્સર, ડાયાબિટિશ અને હૃદયની નસોને લગતી બિમારી ઉત્પન્ન કરનાર ફ્રી રેડીકલ્સનો નાશ કરે છે. આપણને યુવાન બનાવે છે. સોયાબીન, ચણા, પાલક, ટમેટા, ઓટ, સૂકા મેવામાં સેપોનીન્સ હોય જે ટોટલ કોલેસ્ટ્રોલ ઓછું કરે, એલ.ડી.એલ. (ખરાબ કોલેસ્ટ્રોલ) ઓછું કરે, હાર્ટ એટેક સામે રક્ષણ કરે, રોગ પ્રતિકારક શક્તિ વધારે. આ બધા ફાયટોન્યુટ્રીઅન્ટસની મદદથી જેમ વૃક્ષ જીવનભર તંદુરસ્ત રહે છે તેમ ઉપરોક્ત ચીજોનો આહારમાં યોગ્ય ઉપયોગ કરી અનેક રોગોથી બચીએ.

કોબી કોલેસ્ટ્રોલ ઓછું કરે સાથે પુષ્કળ વિટામીન "સી " હોવાથી ફ્રી રેડીકલ્સ શરીરમાં ઓછા કરે, એમાં રહેલ આયોડીન મગજ અને તેની નસોના કાર્ય સારી રીતે કરવામાં મદદરૂપ થાય અને શરીરની એન્ડોક્રાઈનલ ગ્રંથિઓને યોગ્ય કાર્ય કરવામાં મદદરૂપ થાય. બ્રોકોલીમાં વિટામીન સી, એ અને ફોલીક એસીડ, કેલ્સીયમ, ફાયબરથી શરીરને ઘણાં ફાયદા થાય. બ્રોકોલી અને કોબી કેન્સરના સેલનો નાશ કરે. આપણા શરીરમાં જેટલા ફાયટોન્યુટ્રીઅન્ટસ વધારે હશે તેટલું આપણને કેન્સર થવાની શક્યતા ઓછી. આ માટે ખોરાકમાં ઘઉં, મકાઈ, બાજરી, જુવાર, કઠોળ (આ બધા હોલ ગ્રેઈન્સ) અને ૫-૬ જાતના તાજા ફળો લ્યો, શાકભાજી લ્યો. જેમાંથી શ્રેષ્ઠ એન્ટીઓક્સિડંટ સેલેનીઅમ અને ફાયટોન્યુટ્રીઅન્ટસ મળશે, વિટામીન સી મળશે. સાથે સોયાબીન, કાળી દ્રાક્ષ, દૂધ, મલાઈ વગરની કાળી/લીલી ચા લ્યો. બી.પી. ઘટાડવા રોજ સોયાબીન, લાલચોખા, વ્હીટ જર્મ (ઘઉંના કોંટા) લ્યો.

લો ફેટ હોય એવી ડાર્ક ચોકલેટ (જેમાં ૭૦% કે વધુ કોકો હોય) માં ગ્રીન ટી કરતાં ૪ ગણાં ફ્લેવેનોઈડ હોય છે અને તાંબુ ભરપૂર માત્રામાં હોય છે જે હૃદય અને તેની નસોની બિમારી દૂર કરે, બી.પી. ઓછું કરે, શરીરને જુવાન રાખે, ડીજનરેટીવ બિમારીઓ અલ્જાઈમર્સ, પાર્કિન્સન્સ, અને કેન્સર જેવી બિમારીઓથી શરીરને બચાવે. મીલ્ક ચોકલેટમાં આ બધા ફાયદા નથી હોતા. લીલા શાકભાજી, પીનટ, લાલ દ્રાક્ષ સીટરસ ફ્રુટ્સમાં રેસવેરાટ્રોલ હોય છે જે વજન ઘટાડે, ડાયાબિટીશ, પ્રોસ્ટેટ


શુભેચ્છા સહ...
Laxmichand Dharshi
MOTA SHIPPING AGENCY
C.H.A.No.11-0404

શુભેચ્છા સહ....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
અંબા શીપીંગ એજન્સીઝ
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

કેન્સર થતું અટકાવે. લાલ દ્રાક્ષ હાર્ટએટેક અટકાવે, બી.પી. ઓછું કરે અને લોહીની નસોનું રક્ષણ કરે.

મેદાની ચીજો, પીઝા, બર્ગર, ફાસ્ટ ફૂડ, પેપ્સી કોલા, જેવા પીણાં, તળેલા પદાર્થ, વધ પડતું મીઠું, વધુ પડતી ગળી ચીજોનો ત્યાગ કરો. અખરોટ, બદામ જો તળેલા અને મીઠાવાળા હોય તો નુકશાનકારક, રીફાઇન્ડ કરેલ ચીજો (મેદો, સફેદ ચોખા, સફેદ આટો, મકાઇનો સફેદ આટો, રીફાઇન સુજા, સાકર વગેરે) નુકશાનકારક લુખુંસુખું ભોજન ન લેવું. પ્રમાણસર ઘી, તેલ જરૂરી. તે વધુ પડતા લેવાથી અપચો, કોલેસ્ટ્રોલવધે વગેરે બિમારી થાય. ગરમ ભોજન જઠરાગ્નિ સતેજ કરે, વાયુ શાંત કરે, કફને સૂકવે. ઠંડુ ભોજન ન લેવું. પોતાની પ્રકૃતિ, પાચનશક્તિ પ્રમાણે ભોજન લેવું. ઘઉંના રેડીમેઇડ લોટમાં મેંદો હશે, હશે ને હશે જ એની રોટલી મેંદાના લીધે જ સારી લાગે છે. મેંદો આરોગ્ય માટે સૌથી વધુ ખરાબ છે. તે ટ્રાયગ્લીસરાઈડ (ચરબી) વધારે, લોહીમાં અચાનક સાકર વધારે, મળ વાટે ખરાબ કોલેસ્ટ્રોલ બહાર પડવામાં રૂકાવટ કરે, વજન વધે, આંતરડાનું કેન્સર થઈ શકે. મેંદાની રોટલી, બિસ્ટીક, નાનખટાઈ, કેક, પેસ્ટ્રીજ, સફેદ બ્રેડ, પીઝા વગેરે ખાવાનું ટાળો, વ્યાયામ કે શ્રમ નથી કરતાં એમણે તો ભૂલેચૂકે મેંદાની વસ્તુ ન ખાવી. પોલિસ કરેલ સફેદ ચોખા ખરાબ કોલેસ્ટોલ (એલડીએલ) અને હોમોસિસ્ટીન વધારે જે હાર્ટએટેકને આમંત્રણ છે. લોહીમાં સાકર અને ટ્રાયગ્લીસરાઇડ વધારે. લાલ (બ્રાઉન) ચોખા આરોગ્યદાયી.

આપણે પોષણવિહોણો ખોરાક વધુ લઈએ છીએ, પેટ અને જીભના સંતોષ માટે ખાઈએ છીએ, કોઈપણ ટાઈમે, ઉતાવળે ખાઈએ છીએ. એનાથી મનને સંતોષ થતો નથી. અતૃપ્ત મન પછી આપણને અણકલ્પી બિમારી આપે છે. આખો દિવસ કામની હાયવોયમાં સાંજ સુધી આચરકુચર ખાઈ પેટ ભરીએ અને રાતે એકદમ ઠાંસીઠાંસીને ખાઈએ છીએ જે આરોગ્ય માટે નુકશાનકારક છે. અનેક બિમારીઓ આપણને ઘણુંખરૂં ખોટી ખાણી-પીણી અને રહેણીકરણીને લીધે થાય છે. અમુક આહારજ આપણા શરીરમાં વિકાર પેદા કરે છે. માણસની અડધોઅડધ વ્યાધિનો ઈલાજ એના મનમાં છે અને એની સારવાર કુદરતમાં છે એટલે કે આહારમાં છે. ખાવા બાબત મન મક્કમ રાખો, જે ચીજ ન ખાવાની હોય અને મન ન રહેતું હોય તો જમતી વખતે છેલ્લે ખાવ, એ સમયે પેટ ભરાવા આવ્યું હશે તેથી વાંધાજનક ચીજ આપોઆપ જ ઓછી ખાઈ શકાશે અને છેલ્લે ખાધી હશે એટલે સ્વાદ પણ લાંબો સમય મોઢામાં રહેશે. જમ્યા પછી તરત જ પાણી ન પીવું, દોઢેક કલાક રહીને પીવું જેથી પાચન બરાબર થાય. ખોરાક ઉપરાંત આચાર-વિચારનો પણ આરોગ્ય માટે ખ્યાલ રાખવો જોઈએ. ખોરાક બનાવતી વખતે બનાવનારના સારા વિચાર (ભક્તિ સંગીત ચાલુ રાખી શકો) અને જમતી વખતે શાંતિ, આનંદથી જમીએ તો એ આરોગ્ય બક્ષે છે, નહીં તો એનાથી ઉલ્ટી અસર થાય છે.

આખી દુનિયામાં જાપાનના લોકોનું આયુષ્ય સૌથી વધુ છે. સરેરાશ લગભગ ૯૦ વર્ષ. એના કારણોમાં સોયાબીન, હોલ વ્હીટ બ્રેડ (થુલા સાથેના ઘઉં) અને સાથે શારીરિક પ્રવૃતિ, સંગીત, કલા, કોમેડી સભર કાર્યક્રમો અને મનને આનંદમાં રાખવા. જ્યાંથી મળે ત્યાંથી હાસ્ય ઉત્પન્ન કરવાની પ્રવૃતિ મુખ્ય છે. ૧૦૧ વર્ષ આયુષ્ય ભોગવનાર શ્રી એમ. વિશ્વસરૈયા કહે છે “વધુ તદુરસ્ત અને દીર્ઘાયુ થવા માટે ભૂખ લાગે ત્યારે જ ખાવ. અતિ ન ખાવ. સાંજનું ભોજન સૂર્યાસ્ત પહેલા લ્યો. (ચૌવિહાર)

ભૂખ લાગે ત્યારે થોડું પેટ ખાલી રાખો (ઉણોદરી) યોગ્ય આહાર, શાંત અને મનને આનંદ આપે એવા વાતાવરણમાં સંતોષ સાથે લ્યો અને નિરોગી રહો.


ફળાદેશ-પ્રશ્નકુંડલી-જોડામેળ, ગૃહશાંતિ
સચોટ માર્ગદર્શન માટે સંપર્ક સાધો.
જ્યોતિષાચાર્ય-શ્રીમતી કમલ સંપટ
સંપર્ક : મો. 093230 20137



Since 1984...
Lagna Deep

બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...
રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા
• રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
• કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
• બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
• પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી
ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.
(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જૂના ઘરચોળા લેવામાં આવશે.
Mob.: 7666688881
ગુરૂવાર બંધ

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## મુંબઈ મહાજન દ્વારા વૃધ્ધ સાધર્મિક સહાયતા

મુંબઈ જ્ઞાતિ મહાજનના ઉપક્રમે વૃધ્ધ સાધર્મિક સહાયતા યોજના અન્વયે દાતા મા.. નવલબેન નવીનચંદ્ર ધરમશી પરિવાર (સુથરી)ના સહયોગે જરૂરતમંદોને તેમની અરજી મંજુર થયેથી સહાયતા કરવામાં આવે છે.

ઈચ્છુકોએ મુંબઈ મહાજનશ્રીના કાર્યાલય (અનંતનાથ દેરાસર-મુંબઈ) થી અરજી મેળવી ભરીને ત્યાં આપી દેવાની રહે છે.

## ડોંબિવલી અચલગચ્છ સંઘમાં ત્ર્યાહિન્કા મહોત્સવ

સંઘના શિખરબધ્ધ જિનાલય સુવિધિનાથદાદાની ૧૪મી વર્ષગાંઠ નિમિતે તા.૨૦ થી ૨૨/૫ ત્રિદિવસીય જિનેન્દ્રભક્તિ મહોત્સવ યોજાયો છે. દેરાસરની ૧૪મી ધ્વજા પ્રસંગે પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસુરીજી આ.ઠા. પધારશે. આ પ્રસંગે વ્યાખ્યાન, પુજા, આંગી, ભાવના અને ૧૮ અભિષેક આદિ અનુષ્ઠાન રહેશે. સકલ સંઘે લાભ લેવાનો છે.તા.૨૨-૫ના સવારે ૧૧ થી ૧ દરમ્યાન સંઘ સ્વામીવાત્સલ્ય છે.

આ વર્ષે સંઘમાં પૂ.સા.શ્રી વિપુલગુણાશ્રીજી પરિવારમાંથી પૂ.સા.શ્રી હર્ષગુણાશ્રીજી મ.સા.આ.ઠા. ચાતુમાસાર્થે પધારશે.

સંઘમાં ૧૧ વિવિધ પાઠશાળા દ્વારા ધર્મસંસ્કરણ ચાલુ છે. વેકેશનમાં બાળકો માટે દર મંગળ-ગુરૂ-શનિ વિશેષ ધાર્મિક વર્ગો બપોરે ૩થી ૪.૩૦માં ચાલુ થયા છે.

## ગિરનારતીર્થે પૂ. મુનિ સર્વોદયસાગરજી આ.ઠા.

ગિરનારતીર્થે કચ્છી ભવનમાં પૂ. મુનિશ્રી સર્વોદયસાગરજી આ.ઠા.નું ચાતુર્માસ થશે. પૂજ્યશ્રી ૧-૭-૧૨નાં પ્રવેશ કરશે. તીર્થમાં ચાતુર્વિધ સંઘનો લાભ બનશે.સકલ સંઘને પ્રવેશ પ્રસંગે અને આરાધનાર્થે પધારવા આમંત્રણ છે. વિવિધ ટ્રેન-બસ વાહન સુવિધાથી ત્યાં પહોંચી શકાય છે.

## શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ

વિદ્યાપીઠના ઉપક્રમે ૧૨ થી ૨૫ વર્ષના ભાવિકો માટે તા.૧૪-૫ થી ૨૧-૫ શંખેશ્વર પાર્શ્વતીર્થધામ કાસારવડવલી., ઘોડબંદરરોડ પર ધાર્મિક શિબિર યોજાઈ છે. ફોર્મ ભરીને તા.૧૦-૫-૧૨ સુધીમાં વિવિધ કેન્દ્રોપર આપી શકાશે. આ શિબિરમાં વિવિધ ધાર્મિક હરીફાઈઓ યોજાઈ છે. બધા મંડળોને પણ પુજા હરીફાઈમાં ભાગ લેવા આમંત્રણ છે.

## પારોલા તીર્થે ધ્વજા મહોત્સવ

શ્રી પારોલા તીર્થમાં ધ્વજામહોત્સવ હર્ષ ઉલ્લાસથી ઉજવવામાં આવેલ.. જ્ઞાતિ ભાઈઓ તેમજ આજુબાજુથી જ્ઞાતિભાઈઓ મળી ૧૨૫ની સંખ્યા થઈ. શ્રી શાંતિનાથ દાદાનો ધ્વજા મહોત્સવ પ્રસંગે શેઠશ્રી કેશવજી ભારમલ (ગોએરસમા) પરિવાર દ્વારા કાયમી વંશપરંપરાગત સતરભેદી પુજા તથા સ્વામીવાત્સલ્ય હતું. આમરસના લાભાર્થી સૌ. કમલાબાઈ શાંતિલાલ ઘંઘુકીયા પરિવાર (પારોલા) હતા. મહોત્સવ દરમ્યાન શ્રી શાંતિનાથદાદાની ધ્વજા, માતાજીની ધ્વજા, તેમજ આરતીનો લાભ શેઠ શ્રી શાંતિલાલ હરીલાલ ઘુંઘુડીયા પરિવાર (પારોલા) મંગલદિવો શ્રી ઠાકરશી રણશી ગોસર (ધુલીયા) શાંતિકળશ જયવંતીબાઈ ભવાનજી લોડાયા (પાચોરા) અને સંઘપુજન શા.. દેવશીભાઈ કચરાભાઈ ડાઘા પરિવાર (અમલનેર-પારોલા) લાભ લીધેલ..

## પૂ.શ્રમણ-શ્રમણીના ચાતુર્માસ પ્રવેશ

અષાઢી બીજ આસપાસ વિવિધ સંઘોમાં પૂ.શ્રમણ-શ્રમણી ગુરૂજીઓના વર્ષાવાસ પ્રવેશ થશે.. પૂજ્યોની પ્રેરણા-માર્ગદર્શને અનેકવિધરીતે સુંદર ધર્મઆરાધના થાય, ચાતુર્માસ સાર્થક થાય અને આ ચાતુર્માસ યાદગાર બની રહે તેવી શુભેચ્છા.. દરેક સંઘમાં ધર્મ આરાધના, ધર્મસંસ્કરણ અને જાગૃતિની પ્રવૃતિ સાથે ગચ્છ એકતા-સંગઠન, સર્વેક્ષણ, જરૂરતમંદોની સાધર્મિક સહાયતા પ્રવૃતિ, વૃક્ષારોપણ, પાણી


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...

TAN MAN® TOURS & TRAVELS

દાદર મુલુંડ પાર્લા

9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in

॥ શ્રી ભોમિયાદાદાય નમઃ ॥

તીર્થ યાત્રાઓ અને પર્યટન ક્ષેત્રે ૨૫ વર્ષથી તમારી સાથે...

હોટલ-વાહન-વિમાન ટીકીટોની બુકીંગ અને ગ્રુપમાં ટેઇલરમેડ ટુરો માટે... તન-મન ટુર્સ

SHIKHARJI Continental

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

વેડફાટ બચત, પર્યાવરણ જાળવણી, સ્વચ્છતા અભિયાન અને સમુહ સામાજિક વિકાસ, તબીબી અને શૈક્ષણિક પ્રવૃતિઓ થાય (આમ આદમીને સ્પર્શે અને મદદરૂપ થાય તેથી જનકલ્યાણ પ્રવૃતિના આયોજન કરવા) અપીલ છે.

સર્વે સંઘોને પોતાના પ્રવૃતિ આયોજન-અહેવાલ મોકલવા વિનંતી છે.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-હુબલી

પ્રવચન પ્રભાવક પૂ. મુનિ દેવરત્નસાગરજી મ.સા.ની હુબલીમાં ૨૦ દિવસીય સ્થિરતા રહી. પૂજ્યશ્રી દીક્ષા પૂર્વે અત્રે પર્યુષણ કરાવી ગયેલા એ પછી ૩૦ વર્ષ બાદ ફરી હુબલી પધાર્યા. મહાજન તરફથી શાનદાર સ્વાગતયાત્રા મેફેર ઓડિટોરીયમથી પ્રારંભ થઈને હુબલીના જાહેરમાર્ગોથી ફરીને અજીતનાથ જિનાલયે વિરામ પામી. પૂ.સા.શ્રી ઉદયપ્રજ્ઞાશ્રીજી આ.ઠા. શોભાયાત્રામાં સાથે જોડાયા. જિનાલય દર્શન અને ચૈત્યવંદન બાદ પ્રવચન થયા બેંગલોર, ગદગ, બાગલકોટ, કોપ્પલ, રાયચુર, બેલ્લારી સંઘના ભાવિકો પધાર્યા. સૌ સંઘપ્રમુખોના બહુમાન યોજાયા. ચારે દિવસ સંઘના પટાંગણમાં પ્રવચન થયા. બાદ મરુધર સંઘના આગ્રહથી ચૈત્રી ઓળીના પ્રવચનો તેમના વિશાળ હોલમાં થયા. સમૂહમાં ૧૦૦ ઓળીના ૫૦૫૦ આયંબિલની ટહેલ પૂર્ણ થઈ. મહાવીર જન્મ કલ્યાણકની વિશાળ રથયાત્રા થઈ. પ્રવચનોમાં વિશાળ હોલ પણ સાંકળો પડયો. પૂજ્યશ્રીના પ્રવચનો હિન્દીમાં થયા. સંઘના બાળકોએ એક દિવસીય પૌષધ કર્યું.

તા.૮-૪-૧૨ના પૂ.આ.ભ.શ્રી રત્નસુંદરસૂરિજી મ.સા.ના પ્રવચનોના પાંચ પુસ્તકોનું વિમોચન મુનિ શ્રી દેવરત્નસાગરજીની નિશ્રામાં થર્યું.

પુસ્તક "સૃષ્ટિ"નું શા. નારાણજી કાનજી પટેલ પરિવાર, "દષ્ટિ"નું શા. નારાણજી શામજી મોતા પરિવાર, "વૃષ્ટિ"નું શા. કરમચંદ આણંદજી વિકમશી પરિવાર, "પુષ્ટિ"નું શા. દામજી જાદવજી છેડા પરિવાર અને "તુષ્ટિ"નું શા. વાલજી હીરજી મોમાયા પરિવારના હાથે વિમોચન થયું.

રવિવારની બપોરે ૨.૩૦ વાગ્યે ૮૦૦ કોલેજ કન્યા સાથે મહિલા શિબિરમાં પૂજ્યશ્રી સતત બે કલાક વાચના આપી. આંતરજ્ઞાતિય લગ્ન ન કરવાની સહુએ પ્રતિજ્ઞા સ્વીકારી. ખૂબ ઉત્સાહ રહ્યો. સ્થાનકવાસી મહાસતીજીઓ પણ પધાર્યા.

શા. વાલજી હીરજી મોમાયા પરિવાર તરફથી પોતાના નિવાસસ્થાને પૂજ્યશ્રીની નિશ્રામાં નવકારનો જાપ શ્રી હર્ષ દેઢિયાના સંગાથે થયો. ૫૦૦ આરાધકોએ નવલાખ જાપનો સંકલ્પ કર્યો. નવલાખની પુસ્તિકા પ્રકાશન થઈ. બપોરે પાર્શ્વપદ્માવતી પૂજન ભણાવાયું.

મુનિશ્રી દેવરત્નસાગરજીના જ્ઞાતિજનોના દરેકના ઘરે પગલા થયા. વરસીતપ, દેવવંદન તથા સાધુ-સાધ્વીનું સમર્પણ બુક પ્રકાશિત થઈ.

પૂ.આ.ગુણસાગરસૂરિજીની ૭૫મી દીક્ષા તિથિ ગુણાનુવાદ સાથે ચૈત્યયાત્રા ગબ્બૂર તીર્થની થઈ. દાવણગીરીમાં પૂ.તીર્થરત્નસાગરજી મ.સા.ના વરસીતપના પારણા થયા.

## કોઠારા તીર્થે ચાતુર્માસ વધામણાં

ગચ્છાધિપતિ પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની આજ્ઞાએ પૂ.સા.શ્રી ગુણોદયશ્રીજી મ.સા.ના શિષ્યા પૂ.સા.શ્રી કાવ્યગુણાશ્રીજી મ.સા.નું ચાતુર્માસ લાભ મળેલ છે. કોઠારા સંઘમાં આનંદ ઉત્સાહની લહેર પ્રસરી છે. પૂજ્યશ્રીનો પ્રવેશ તા.૨૫-૬-૧૨ના થશે સર્વે ગામવાસીઓને આ પ્રસંગે પધારવા આમંત્રણ છે.

## પરજાઉ તીર્થે ૧૫૬મો ધ્વજા મહોત્સવ ઉજવાયો

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-પરજાઉના ઉપક્રમે પરજાઉ તીર્થની ૧૫૬મી વર્ષગાંઠ નિમિતે વૈશાખ સુદ ૧૧ને બુધવાર તા.૨-૫-૧૨ના જિનાલયધ્વજા મહોત્સવ હર્ષોલ્લાસથી ઉજવવામાં આવેલ. આ પ્રસંગે પરજાઉવાસીઓ તથા વારાપધ્ધર-વાંકુ-લાલા-સાંધવ-પાંચોરા, જખૌ-નલીયા-ભુજ-આદીપુર-અંજાર, ગાંધીધામ વગૈરે સ્થળેથી બહોળી સંખ્યામાં ભાવિકો પધારેલ.

મુળનાયકશ્રી ચંદ્રપ્રભસ્વામીનાં મુખ્ય શિખરે ધ્વજા ચડાવવાનો લાભ માતુશ્રી સોનબાઈ દામજી વિકમશી પરિવાર શા. હરીશ દામજી વિકમશી (પરજાઉ-અંજાર)

અનંતનાથ દાદાના શીખરે ધ્વજાનો લાભ માતુશ્રી ભચીબાઈ ધનજી દંડ પરિવાર હસ્તે શા. ગુલાબભાઈ ધનજી દંડ (પરજાઉ-અમદાવાદ)એ અને શાંતિનાથ દાદાના


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

શીખરે ધ્વજા ચડાવવાનો લાભ માતુશ્રી જયવંતીબેન લાલજી લખમશી દંડ પરિવાર હ. શા. કેતનભાઈ તથા કિરણભાઈ દંડ (પરજાઉ-મુંબઈ)એ લીધેલ. અઢાર અભિષેકનાં સંપુર્ણ લાભાર્થી માતુશ્રી મલ્યાબેન શરદચંદ્ર સોમચંદ દંડ પરિવાર હ. શા. જયેશભાઈ શરદચંદ્ર દંડ (પરજાઉ-મુલુંડ) હતા.

અમદાવાદથી મહાજન પ્રમુખ શ્રી ગુલાબભાઈ દંડ સહપરિવાર, મુંબઈથી ટ્રસ્ટી શ્રી કેતનભાઈ તથા અંજારથી ટ્રસ્ટી શ્રી હરેશભાઈ તથા સ્થાનીક ટ્રસ્ટીશ્રી મહેશભાઈ પટેલ પધારેલ. ગામનાં સરપંચ શ્રી રણછોડજી જાડેજા તથા અગ્રાણી શિક્ષક શ્રી નરેન્દ્રસિંહ જાડેજા વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સંગીતકાર તથા વિધિકાર શ્રી કિશોરભાઈ (ગુણપુરીવાળા) પધારેલ. ધ્વજા ચડાવામાં મુખ્ય શીખર રૂા.૨૦,૭૯૯, અનંતનાથનું શીખર-રૂા.૬,૬૬૬ અને શાંતિનાથના શિખર માટે રૂા.૧૬,૧૧૬ ઉછામણી થઈ.

આ પ્રસંગે શ્રીમતી ભારતીબેન કેતન દંડ તરફથી તથા શ્રીમતી ગુણવંતીબેન ગુલાબ દંડ તરફથી સોનાની વીટી ૧-૧ નંગ ટ્રસ્ટને ભેટ મળેલ. અને જીવદયા ફંડમાં રૂા.૧૭,૫૦૦ ફાળો એકત્ર થયેલ.

## વિસામો ગ્રુપ પરિવાર ચે. ટ્રસ્ટ – મુલુન્ડ

ટ્રસ્ટ દ્વારા દર વર્ષની જેમ સમાજના વિદ્યાર્થીઓ માટે રાહતદરે નોટબુક વિતરણ રવિ. તા.૨૦-૫-૧૨ના સવારે ૧૦ થી ૧ દરમ્યાન કાર્યાલય, શોપ -૩, ઓમ સાંઈનાથ, સુરેન્દ્રનિવાસ, આર.એચ.બી. રોડ, મુલુન્ડ (વે) લાભ લઈ શકાશે વિદ્યાર્થીએ વર્ષ ૨૦૧૨નું પરીણામપત્રક સાથે લાવવું જરૂરી રહેશે. જ્યાં રેગ્યુલર નોટબુકો, જંબોબુક, લોંગબુક અને કોલેજ બુક મળશે. સંપર્ક : એલ.ડી.માસ્ટર ફોન : ૩૨૯૨૪૦૮૨

## ગુજરાતી જૈન માયનોરીટી સર્ટીફીકેટ

મહારાષ્ટ્ર રાજ્ય સરકારના નિર્ણય અનુસાર રાજ્યનાં જૈન સમાજને "અલ્પ સંખ્યાંક સમાજ" જાહેર કરાયું છે. જે શાસકીય નોટીફીકેશનનો સંદર્ભ ક્રમાંક 2003/1216/ No.114/03/35 મંત્રાલય તા.૭-૪-૨૦૦૪ છે.

આ નોટીફીકેશન હેઠળ સમાજના દાખલા "જૈન માયનોરીટી" દૃષ્ટિકોણથી અમુક કોલેજ / શાળામાં ફાળવવામાં આવતી આરક્ષિત બેઠકો માટે પ્રવેશ મેળવવા ઉપયોગી થશે. જ્યાં "જૈન" માટેનું આરક્ષણ આયોજિત હશે ત્યાં આ લાભ મળશે.

આ બાબતે મુંબઈ મહાજનશ્રીના કાર્યાલય-મસ્જીદબંદરથી નિયત અરજી કરી તે મેળવી શકાશે.

## જખૌ તીર્થે વર્ષાવાસ પ્રવેશોત્સવ

પૂ.સા.શ્રી જયકીર્તીશ્રીજી મ.સા.નો જખૌ તીર્થે ચાતુર્માસ પ્રવેશતા..૨૧-૬-૧૨ના સવારે થશે. આ પ્રવેશોત્સવ પ્રસંગે સર્વે જખૌવાસીઓ, નિયાણીઓ તથા તીર્થમાં પર્વ આરાધના કરવા ઉત્સુકોને સપરિવાર પધારવા આમંત્રણ છે. પૂજ્યશ્રીનું ધર્મ આરાધના સભર ચાતુર્માસ યાદગાર બનાવવા જખૌ મહાજન અને ટ્રસ્ટબોર્ડ આયોજન ઘડી રહ્યું છે તીર્થમાં રહેવા-જમવાની ઉતમ વ્યવસ્થા ઉપલબ્ધ છે.

## પાલીતાણામાં ત્ર્યાન્હિકા જિનેન્દ્રભક્તિ મહોત્સવ

શ્રી સિધ્ધક્ષેત્ર મહાતીર્થે શેઠ નરશી નાથા ધર્મશાળામાં રાષ્ટ્રસંત અચલગચ્છાધિપતિ, પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ના જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તિની પૂ.સા.શ્રી નરેન્દ્રશ્રીજી મ.સા.ના શિષ્યા પૂ.સા.શ્રી મહોદયશ્રીજી મ.સા.ની ૫૩મી દિક્ષા તિથી નિમિતે તથા પૂ.સા.શ્રી શ્રેયસ્કરાશ્રીજી મસા.ની ૯૯ યાત્રાની પૂર્ણાહુતિ પ્રસંગે મહોત્સવના પહેલા દિવસે શ્રીમતિ વિજયાબેન વેરશી માંયા મોતા પરિવાર (સુથરી) હ. અશોક મોતા તરફથી નમિઉણ મહાપૂજન ભણાવવામાં આવેલ. દ્વિતીય દિવસે પૂ.સા.શ્રી મુક્તિરત્નાશ્રીજી મ.સા.ના સંસારી પરિવારજનો તરફથી શ્રી ગિરિપૂજનનો મહાન અનુષ્ઠાન ભાવપુર્વક કરવામાં આવેલ. તૃતીય દિવસે માતુશ્રી વિમલાબેન જેઠાલાલ લોડાયાની ૧૦૮ અઠ્ઠમતપ પૂર્ણાહુતિ નિમિતે શ્રી ચેતન જેઠાલાલ લોડાયા (વારાપધ્ધર) તરફથી ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન ભણાવવામાં આવેલ.

આ પ્રસંગે ગિરીરાજ યાત્રાએ પધારેલ ભાવિકો તથા શ્રમણ-શ્રમણીઓ પણ આ ધર્મોત્સવમાં ઉપસ્થિતિ આપી હતી. પૂ.સા.શ્રી મહોદયશ્રીજી મ.સા.ની દીક્ષાની સુવર્ણજયંતીની અનુમોદના કરી શુભેચ્છાઓ આપી હતી.



**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**


Trust Regn. No. E–2071 – Kachchh • P. A. No. AABTA 7039 A

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia),
Dist. Kachchh (Bhuj), Gujarat State, Pin Code - 370 645 • Tel. : (02831) (952831) 273256

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

પૂજ્યશ્રીના શિષ્યાવૃંદે ત્રણે દિવસ ભક્તિ મહોત્સવનાં ઉમંગે આરાધના કરાવેલ.

### શ્રી કાંજુરમાર્ગ માર્ગ કે.ડી.ઓ. જૈન

તા.૧-૫-૧૨ ગોડીજી પાર્શ્વનાથ દેરાસર (પાયધની)ની ૨૦૦મી વરસગાંઠ નિમિતે યોજાયેલ મુંબઈભરના સંઘોમાં સ્વામીવાત્સલ્ય જમણમાં શ્રી કાંજુરમાર્ગ ક.દ.ઓ. જૈન સંઘ શ્રી કાંજુરમાર્ગ અચલગચ્છ જૈન સંઘ, શ્રી કાંજુરમાર્ગ નાકોડાજી મુર્તીપુજક જૈન સંઘે મળીને સંયુક્ત આયોજન કરેલ. સવારના ૬ વાગે પ્રભાતિયા, ૯ કલાકે આદિનાથ દેરાસરથી શોભાયાત્રામાં દાતાર કોલોની થઈને અનંતનાથ કોમ્પ્લેક્સમાં પુર્ણાહતી કરવામાં આવી ઢોલ, શરણાઈ, પખાવાજની સાથે, બહેનોએ બેડા શણગારેલ વંશ પરંપરાગત વસ્ત્રોમાં સજજ શ્રાવક-શ્રાવિકાઓની સાથે બગીમાં પ્રભુજીની છબી લઈને બેસવાનો લાભ શ્રી મણીલાલ માલશી રાંભીઆ, સારથી શ્રી કાંતીલાલ તલકશી દેઢીયા ઘુપેડાનો લાભશ્રી પ્રેમચંદ ચાંપશી મારૂ, દિપકનો લાભ મણીલાલ કુંવરજી લોડાયા (સાંયરા), ચામરનો લાભ માતુશ્રી કંકુબાઈ છગનલાલ પાલેર, વરયાળી પાણીનો લાભ શ્રી પીર પરિવાર વરાડીયાએ લીધેલ. સવારના ૧૧ કલાકે સમુહ સ્નાત્ર મહિલા મંડળે ભણાવી. તે પ્રસંગે જીવદયાનો ફાળો રૂા.૨૧૩૫૧નો જમા થયેલ. આરતીનો લાભ શ્રી શીવજી રતનશી મોમાયા (વરાડીયા), મંગલદિવો તથા શાંતિકલશ વિજયાબેન કુંવરલાલ ડાઘા (બીકાનેર) એ લીધેલ. બપોરના ૧૨.૩૦ કલાકે માતુશ્રી ગજરાબેન ગીરધરલાલ શાહ (જસપરા) પરિવાર તરફથી સ્વામીવાત્સલ્ય જમણમાં ૫૦૦ સાધર્મિક ભક્તોએ લાભ લીધેલ. તે પ્રસંગે સંઘપૂજન અનંતનાથ સામાયીક મંડળ હિતેષ દિલીપ લોડાયા, નિર્મલા શીવજી મોમાયા, મિઠીબાઈ સોમચંદ દંડ, ઉજાસ પ્રફુલ ધરમશી, કલ્યાણજી માણેકજી લોડાયા તરફથી કરવામાં આવ્યું. રાત્રે ૯ કલાકે આદિનાથ દેરાસરમાં બહોળી સંખ્યાની હાજરીમાં રાગરાગીણીથી ભાવના ભણાવવામાં આવી. આરતીનો લાભ સરોજબેન, જયશ્રીબેન, શિલ્પાબેન તથા નિલીમાબેને તથા મંગલદિવો માતુશ્રી માનબાઈ હિરાચંદ નાગડા તરફથી લેવામાં આવ્યો. મેમ્બરો તરફથી લકી ડ્રો રાખવામાં આવેલ. ત્રણેય સંસ્થાના ટ્રસ્ટીઓએ કાર્યકર્તાઓના સાથ સહકારથી કાર્યક્રમને યશસ્વી બનાવ્યું.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-સુથરી

સુથરી મહાતીર્થે ૧૭૩ વર્ષ પ્રાચીન જિનાલયે પર્યુષણ પર્વની ઉજવણી કરવા સર્વે ગામવાસીઓ, નિયાણી બહેનો તેમજ આરાધના ઈચ્છુક સાધર્મિકોને સહપરિવાર પધારવા હાર્દિક આમંત્રણ છે. પુ. મહારાજ સાહેબના ચાર્તુમાસ પ્રવેશથી કરીને પર્યુષણ પર્વ પૂરા થયા સુધી અથવા સંપૂર્ણ ચાર્તુમાસ કરનાર સાધર્મિકોને રહેવાની તથા કોઈપણ તપસ્યા કરાવવાની વ્યવસ્થા શ્રી સુથરી સંઘ તરફથી કરવામાં આવશે. પધારનાર આરાધક ભાઈ-બહેનોની ટીકીટનો ખર્ચ પણ સુથરી સંઘ ભોગવશે. દરેક પોતાની રીતે સુથરી પધારી ટીકીટ જેરોક્ષ દાખવતાં પેઢીપરથી રકમ મળી જશે. પધારનારે અગાઉથી જાણકારી આપવી જેથી વ્યવસ્થામાં સુગમતા રહે. આ વર્ષે સા. મહાયશાશ્રીજી મ.સા.નો ચાતુર્માસ સુથરી તીર્થને પ્રાપ્ત થયેલ છે. તેઓનો પ્રવેશ તા.૨૯--૧૨ના થશે તો આરાધકોને એ પ્રસંગે સુથરી તીર્થે પધારવા જણાવાયું છે. સુથરી દેરાસર સંપર્ક ૯૭૧૨૯૮૯૨૨૩

### ચિત્રદુર્ગમાં આઠ દિવસીય પ્રવચનમાળા

કર્ણાટકમાં ધર્મ જાગૃતિ સાથે ગચ્છ અને ગુરુનું ગૌરવ વધારી રહેલા ગુણસિન્ધુસૂરિરાજના પ્રવચન પ્રભાવક મુ.શ્રી દેવરત્નસાગરજી આ.ઠા.૬ ચિત્રદુર્ગ પધારતા સંઘે સ્વાગત કર્યું. આઠેય દિવસ રાજેન્દ્ર ભવનમાં પ્રવચનો રહ્યા. ૨૦૦ આરાધકોએ ૯ લાખ નવકારના સંકલ્પ કર્યા. તા.૬-૫ના ગોડી પાર્શ્વનાથ પરમાત્માનું ભવ્ય મહાસ્નાત્ર રહેલ. ૫૬ દિક્કુમારી પ્રસંગ ખૂબ ભવ્ય બન્યો સાથે ૧૦૮ જલાભિષેક અનુષ્ઠાનમાં ૧૦૮ શ્રીફળ-૧૦૮ નૈવેદ્ય અને પુષ્પોનો શણગાર કરાયો.

તા.૭-૫ના રાજેન્દ્રસૂરિ ગુરૂમંદિરે ધ્વજા સાલગિરી મહોત્સવ પૂજ્યશ્રીની નિશ્રામાં ઉજવાઈ. સવારની નવકારશી રહેલ. પૂજ્યશ્રીની પ્રેરણા ઝીલી ગુણસિન્ધુગોડી પાર્શ્વનાથ ઉપકરણ વૈયાવચ્ચની જય બોલાઈ. ત્રણેક કબાટમાં સાધુ-સાધ્વીજીઓને લગતા ઉપકરણો મૂકાશે. વિહારમાં પધારતા પૂજ્યોની ભક્તિ કરાશે.

રોજ "પગામ સિજંઝા" સૂત્રપર વાચના આપેલ. પૂજ્યો અત્રેથી હિરીયુર-ટુમકુર થઈ તા.૨૩-૫ના લબ્ધિધામથી બેંગ્લોર નગર પ્રવેશ મંગલ મુહૂર્તે કરશે. એક માસ બેંગ્લોરના જુદા જુદા સંઘો અને જિનાલયોની સ્પર્શના કરશે.

૨૭ જૂનના બેંગ્લોર જયનગર ધર્મનાથ જિનાલયે ચાતુર્માસ પ્રવેશ કરશે.

ચાતુર્માસ સ્થળ : શ્રી ધર્મનાથ જૈન મંદિર, ૯મો મેન, ૪થો બ્લોક, જયનગર, બેંગ્લોર-૫૬૦૦૧૧.

### જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ

જખૌ પાંજરાપોળ ટ્રસ્ટના મુંબઈમાં પ્રતિનિધિ તરીકે શ્રી પ્રેમચંદ શામજી નાગડા (મુલુન્ડ) એ પંદરેક વર્ષ સુધી મુંબઈમાં પાંજરાપોળના ફાળા સ્વીકારવા માટે માનદ સેવા આપેલ. હવે તેમાંથી નિવૃત થતાં પાંજરાપોળનો ફાળો જખૌ મહાજનશ્રીના કાર્યાલયે સ્વીકારાશે.

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**ભવાનજી દેવશી લોડાયા** ૧૨૦૨, નિલકંઠ હાઈટસ, નિલકંઠ નગર, બી.પી.એસ. ક્રોસ રોડ, ઓફ દેવીદયાલ રોડ, મુલુન્ડ (વે) મુંબઈ-૪૦૦૦૮૦

**નવલબેન સોમચંદ મૈશેરી** અચલગચ્છ સોસાયટી, સર્વે નં.૨, પ્લોટ ૩-જબી, મહાવીરનગર, અંતરજાલ, આદિપુર ૩૭૦૨૦૫ ફોન: 09099671919

**જવેરચંદ કેશવજી લોડાયા** ૧૦૩,જયભવાની, રાજેન્દ્રપ્રસાદ રોડ, રામનગર,ઈશ્વર હોસ્પીટલ પાસે, ડોંબિવલી (ઈ) 421201 ફોન: 8976862949

**પુષ્પાબેન લહેરચંદ ગાલા** રૂમ ૧૬, નિલેશ ભુવન, ૧લે માળે, જિજાઈ નગર, નામદેવ પથ, ડોંબિવલી (ઈ)-૪૨૧૨૦૧

**હરીશકુમાર અમૃતલાલ નાગડા** ફ્લોર ૪૯-એ, ડોર નં.૧૩૫૧૦૧૮૫, હાયવે કોલોની, કૃષ્ણા સ્ટ્રીટ, સેલમ-૬૩૬૦૦૫

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ-હાલનું ગામ સાથે ફોન નંબર આપવું)

| | | | |
|---|---|---|---|
| નલીન કેશવજી અજાણી (સાયન) | ૯૮૨૦૦૪૩૬૪૫ | દિના નલીન અજાણી (સાયન) | ૯૭૫૭૦૯૩૨૯૦ |
| રાજેશ નલીન અજાણી (સાયન) | ૯૮૩૩૧૪૩૬૪૫ | આશીષ નલીન અજાણી (સાયન) | ૯૮૧૯૮૪૩૬૪૫ |
| ધનબાઈ મેઘજી ખોના (ડોંબિવલી) | ૦૯૯૨૦૭૩૬૭૦૯ | મણીલાલ શામજી મોમાયા (સાંયરા) | ૦૯૦૯૯૨૮૫૯૨૧ |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતી અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો.)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૪-૪-૧૨ | ડોંબિવલી | SILO090203 | ખુશી-પારસ દિનેશ લોડાયા | સાંયરા | કન્યા |
| ૨૬-૪-૧૨ | ડોંબિવલી | SULO0130204 | ક્રિશ જીગર લાલજી લોડાયા | સુથરી | પુત્ર |
| ૧૩-૩-૧૨ | જલગામ | GEPL010701 | નયન-યોગેશ ખેતશી પોલડીયા | ગોએરસમા | પુત્ર |
| ૧૫-૩-૧૨ | સેલમ | BYNG020303 | ધન્ય-વિકાસ હરીશ નાગડા | બાયઠ | પુત્ર |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮-૫-૧૨ | ડોંબિવલી | VVLO100804 | પ્રતિક જવેરચંદ ટોકરશી લોડાયા | વારાપધર | ૨૫ |
| | પાચોરા | SUDH050203 | અલ્પા સુભાષ લક્ષ્મીચંદ ધરમશી | સુથરી | ૨૫ |
| ૮-૫-૧૨ | કરાડ | TRNG032303 | હર્ષ રમેશ વાલજી નાગડા | તેરા | ૩૫ |
| | ધુલીયા | BYDH0010303 | નેહલ રમેશ ભવાનજી ધરમશી | બાયઠ | ૩૪ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬-૪-૧૨ | ડોંબિવલી | SUMO050104 | અજય લક્ષ્મીચંદ રતનશી મોમાયા | સુથરી | ૨૭ |
| | વાંદરા | A | હર્ષા પવન હરીપ્રસાદ વ્યાસ | મડેલા | ૨૭ |
| ૬-૫-૧૨ | મુલુંડ | A | હિતેશ સુનીલ સેજપાલ (ઠક્કર) | વિંઝાણ | ૨૫ |
| | કાંજુરમાર્ગ | VRLO030404 | મિનાક્ષી પ્રતાપ લોડાયા (પીર) | વરાડીયા | ૨૫ |

### લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫-૪-૧૨ | ઘાટકોપર | SIDH030503 | ઉદય ચંદુલાલ શીવજી ધરમશી | સાંયરા | ૪૦ |
| | ભાંડુપ | SMMO010205 | વર્ષા વીરચંદ ખીમજી મોમાયા | મોટીસિંધોડી | ૩૪ |
| ૧૫-૪-૧૨ | ભાંડુપ | KUMT0400904 | પિયુષ અશોક મેઘજી મોતા | કુવાપધર | ૨૫ |
| | ગદગ | KRDH1000404 | તન્વી ખુશાલ જવેરચંદ ધરમશી | કોઠારા | ૨૨ |
| ૨૬-૪-૧૨ | મુલુંડ | NLNG130403 | સૌરભ નરેશ ભવાનજી નાગડા | નલીયા | ૨૫ |
| | ડોંબિવલી | VRLO030503 | ખ્યાતી દેવેન્દ્ર લોડાયા (પીર) | વરાડીયા | ૨૩ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૫-૪-૧૨ | ડોંબિવલી | JSDH0130104 | પારસ હંસરાજ હીરજી ધરમશી | જશાપર | ૨૬ |
| | વાશી | A | બીન્દી બીપીન જેઠાલાલ ખીમશીયા | ચેલા | ૨૬ |
| ૧૬-૪-૧૨ | કાંજુરમાંર્ગ | VRLO030403 | પ્રશાંત પ્રતાપ લોડાયા (પીર) | વરાડીયા | ૨૬ |
| | મલાડ | A | સલૌની મયુરેશ શુક્લ | પાલીતાણા | ૨૬ |

### સગપણ છૂટા

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૯-૪-૧૨ | ઉંઝા | SUDU030304 | હર્ષલ શૈલેષ દેવજી ધુલ્લા | સુથરી | ૨૪ |
| | પુના | VVCD030203 | યામિની યતીશ હીરાચંદ છેડા | વારાપધર | ૨૧ |

### આંતરજ્ઞાતિય સગપણ છૂટા

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૮-૪-૧૨ | ડોંબીવલી | DALO040203 | ચંદ્રેશ રાયચંદ લાલજી લોડાયા | દલતુંગી | ૩૮ |
| | કાલબાદેવી | A | મનીષા ચીમનલાલ હરીલાલ રાવલ | જુનાગઢ | ૨૮ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૭-૪-૧૨ | ગદગ | NLNG | માણેકજી શીવજી ભાણજી નાગડા | નલીયા | ૭૪ |
| ૫-૫-૧૨ | રાયપુર | SDLO080201 | ઉત્તમચંદ કરમશી રતનશી લોડાયા (દેહદાન) | સાંધવ | ૭૩ |

## સાંચરાના પટેલ પરિવારનું ગૌરવ



**કુ. પૌલમી ભદ્રેશ પટેલ**

(સાંચરા-મુલુંડ)

કુ. પૌલમીએ પોદાર કૉલેજથી બી.કૉમ. થયા બાદ NMIMSમાંથી MBA (Enterprenurship & Family Business)માં ફર્સ્ટ ક્લાસથી ઉત્તીર્ણ થયેલ છે. હાર્દિક અભિનંદન.

-: શુભ આશિષ :-

**દાદાણા :** માતુશ્રી સોનબાઈ મુળજી પટેલ પરિવાર (સાંચરા)

**નાનાણા :** માતુશ્રી મીનાબેન કિશોર દોશી પરિવાર (મોરબી-જેતપર)

**માતા-પિતા :** સૌ રાજુલ ભદ્રેશ પટેલ (મુલુન્ડ)

એવમ્ સમસ્ત પટેલ અને દોશી પરિવાર

## જખૌ ના સોની પરિવાર નું ગૌરવ



**કુ. કરૂણા નવિન સોની**

(જખૌ - અંજાર)

Passed MBA (Finance) with Distinction in Tolani Institute of Management Studies. Joined ICICI Securities Ltd. as a Relationship Manager

દિવ્ય આશિષ :

સ્વ. વેલજી સામજી સોની - દાદાજી

આશિષ :

શ્રી નવિન વેલજી સોની - પપ્પા

અ.સૌ. રમીલા નવિન સોની - મમ્મી

હાર્દિક શુભેચ્છા :

કુ. પુજા નવિન સોની - બહેન

સુમિત નવિન સોની - ભાઈ

## ધરમશી પરિવારનું ગૌરવ



અમારા પુત્રવધુ **અ.સૌ. પૂનમ નિલાંજ ધરમશી** (સુથરી-વાશી) એ ભારતીય કસ્ટમ્સ વિભાગ દ્વારા લેવાયેલ "Regulation 8" (Rule 8)ની પરીક્ષા પાસ કર્યા બદલ ખૂબ ખૂબ અભિનંદન.

શુભ આશિષ

માતુશ્રી ચંપાબાઈ ધનજી જેઠાભાઈ ધરમશી પરિવાર

અ.સૌ. નિર્મલા ભાલચંદ્ર ધરમશી (09320150957)

શુભેચ્છા

અ.સૌ. જીનાલી પ્રીતેશ ધરમશી

અ.સૌ. અંજની પ્રસન્ના ધરમશી

ચિ. જયદીપ, ચિ. સાગર, ચિ. આરવ, ચિ. સેજલ

**JAI AMBE LOGISTICS** (Reg. CHA No.11/775)ની

સમગ્ર ટીમ તરફથી શુભેચ્છા...

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

## ભાવભરી શ્રદ્ધાંજલિ



અ.સૌ. મીતા શરત પી. એમ.
શ્રી રાયચંદ ગોવિંદજી મોમાયા
(કલીકટ-સાંયરા)ના દિકરી

જન્મ : ૨૮-૧૦-૧૯૭૮
અરિહંતશરણ : ૨૫-૪-૨૦૧૨

સમય જિંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી?
વિદાય તારી અણધારી હશે ક્યાં ખબર હતી?
જીવન થોડું જીવી સ્નેહની સૌરભ મુકી જનાર...
તારો મિલનસાર સ્વભાવ, હસમુખ ચહેરો, તારી નિસ્વાર્થ સેવાની સુશોભિત
સ્મૃતિ જ્યોત અમારા સૌનાં અંતઃકરણમાં અનંતકાળ સુધી પ્રજ્વલિત રહેશે.
"એમી" સ્વરૂપે તારો અંશ પલ પલ તારી યાદ કરાવશે...

**શ્રધ્ધાંજલિ સુમન અર્પણકર્તા**

પતિ : શરત પી.એસ. • બેબી - એમી
માતા -પિતા : સૌ. મધુબાલા રાયચંદ ગોવિંદજી મોમાયા
ભાભી-ભાઈ : સૌ. પારૂલ જતીન જૈન (U.S.A.)
બેન-બનેવી : સૌ. જીગ્ના જતીન ખોના (ડોંબિવલી)
સાસુ-સસરા : સૌ. શારદા પદમનાભન • નણંદ - સૂર્યા
શા. ગોવિંદજી લધાભાઈ મોમાયા (સાંયરા) સમસ્ત પરિવાર
શા. ચાંપશી કાનજી લોડાયા (રવા-અલપઈ/કલીકટ) સમસ્ત પરિવાર

ઋણસ્વીકાર : જે કોઈએ રૂબરૂ, ટેલીફોન, એસ.એમ.એસ.થી
અમને દિલાસો આપેલ એ સર્વેના અમો આભારી છીએ.

## પ્રથમ પુણ્યતિથીએ ભાવભરી શ્રદ્ધાંજલિ







**નલીની નરેશ ધુલ્લા** (સુથરી-ભાંડુપ)
અરિહંતશરણ : ૧૫-૫-૨૦૧૧

તેં બતાવેલી જીવનશૈલી સદા અમને મદદશીલ રહો. ચહેરા પર સદા મુસ્કાન રાખીને યાદ રહે એવું જીવી ગયા.
એજ મારી સાચી શ્રધ્ધાંજલી હશે તને... પ્રભુ આપના આત્માને પરમ શાંતિ આપે એજ પ્રાર્થના...
Missing you - નરેશ રતીલાલ ધુલ્લા

✻ શોકાતુર ✻

સ્વ. રતીલાલ રામજી ધુલ્લા પરિવાર (સુથરી-ભાંડુપ)
શા. પદમશી લધાભાઈ મોમાયા પરિવાર (સાંયરા-વડોદરા)

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA**, C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**